# ટ્રેક નં. ૪૨ : ષટ્કારકો વિશે

* ષટ્કારકો શું છે? ક્યાં છે? દ્રવ્યમાં? કે પર્યાયમાં? ચાલો સમજીએ જ્ઞાનમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની તત્વચર્ચામાંથી.

* માંગલિક :

* ભક્તિ : તુજ કરણ શક્તિ જાણ રે, તું બાહ્ય સાધન શોધમાં,
આત્મા તારો કરણ છે, પછી વાત બીજી પૂછમાં (૨)

*** પ્રશ્ન : જે સમયે સમયે પર્યાયો થાય છે તે નિશ્ચયથી તો પરદ્રવ્યથી નિરપેક્ષ થાય છે. એવી રીતે પોતાના દ્રવ્યથી પણ નિશ્ચયથી નિરપેક્ષ થાય છે? એટલે કે પર્યાયો દ્રવ્યની એ પોતાના ષટ્કારકથી જ સ્વતંત્રપણે પરિણમી છે. એ બરાબર છે?**

● ઉત્તર : નિરપેક્ષપણે પર્યાય પર્યાયથી નિરપેક્ષ છે પણ એ પર્યાયને કોઈનો આશ્રય નથી (તેમ) એકાંતે એમ નથી લેવાનું. પોતાના ષટ્કારક પોતામાં એ અપેક્ષાએ લેવાનું, એકાંતે એમ લેવાથી તો દ્રવ્યનો આશ્રય પર્યાયને નથી. તો પર્યાય ક્યાં અંદર જાય છે? એવો એનો આશય છે. માટે જે વિભાવ પર્યાય છે. એમાં નિમિત્ત-પર હોય છે. પોતે ઉપાદાન હોય છે. પણ એ જે ક્ષણે ક્ષણે પર્યાયો થાય એ પર્યાય પણ એક આત્માનો સ્વભાવ છે. સ્વભાવ એટલે દ્રવ્ય, ગુણ, પર્યાય. એ સત્ છે એ સત્ પોતે સ્વયં પરિણમે છે. માટે એને નિરપેક્ષ લેવાય છે. પણ ઈ કાંઈ એના આશ્રય વગર નિરાશ્રય છે તદ્દન સર્વ અપેક્ષાએ એમ નથી. શુદ્ધ આત્મામાં જે પર્યાય થાય એને આત્માનો આશ્રય હોય છે. એ આશ્રય એકાંતે સર્વથા નથી જ એમ કહેવાથી તો વેદન જે થાય છે એ વેદન કોને થાય છે? સ્વાનુભૂતિમાં જે આનંદનું વેદન થાય, અનેક જાતની પર્યાયો પ્રગટ થાય એનું વેદન જે થાય છે એ વેદન કાંઈ અદ્ધર નથી હોતું. માટે નિરપેક્ષ ખરું પણ સર્વથા નિરપેક્ષ એમ નહીં લેવાનું. કેમ કે દ્રવ્યનો આશ્રય પર્યાયને હોય છે. શાસ્ત્રમાં પણ આવે છે કે ત્રણે સત્ છે.

પર્યાય સત્, ગુણ સત્, દ્રવ્ય સત્ પણ દ્રવ્ય વિના પર્યાય સત્ હોતી નથી. પર્યાય વિના દ્રવ્ય સત્ હોતું નથી. એવી પણ અપેક્ષા શાસ્ત્રમાં આવે છે. માટે બે અપેક્ષાનો ખ્યાલ રાખવો. એક નિરપેક્ષ એટલે સર્વથા નિરપેક્ષ એટલે એને દ્રવ્યનો કોઈ જ રીતે કંઈ આશ્રય જ નથી. એવો અર્થ નથી. ૧.

✻ પ્રશ્ન : વસ્તુપણે પર્યાય દ્રવ્યરૂપ વસ્તુપણે બન્ને એક જ વસ્તુ એટલે કે પર્યાય દ્રવ્યનો અંશ છે. એમ રાખીને પર્યાય સમય સમયની જે થાય છે એ પોતાના ષટ્કારકથી થાય છે. એમ લેવામાં આવે તો એ બરાબર છે ?

● ઉત્તર : પર્યાય પોતે પોતાથી થાય પણ દ્રવ્યનો—એ દ્રવ્યનો એક અંશ છે. એ અપેક્ષા ખ્યાલમાં રાખવી. ૨.

✻ પ્રશ્ન : વસ્તુપણે બે (દ્રવ્ય, પર્યાય) થઈ એક વસ્તુ છે. એટલું રાખીને આ પ્રમાણે અર્થ કરાય ?

● ઉત્તર : હા. પછી તો (બે દ્રવ્ય, પર્યાય) થાય છે. એમ અપેક્ષા રાખીને એનો અર્થ કરે તો વાંધો નથી. પણ સર્વથા નિરપેક્ષ તો એ અદ્ધર થઈ જાશે. અને કાંઈ આશ્રય વગરની પર્યાય. અંશ ક્યાંથી આવ્યો? અંશી વગરનો અંશ ઈ ખોટું થઈ જાય છે. ૩.

✻ પ્રશ્ન : કોઈ પણ પર્યાય અદ્ધર થાતી નથી. એટલે વસ્તુમાં જ પર્યાય થાય છે. એટલો વસ્તુનો આશ્રય રાખીને પાછી પર્યાય–સમય સમયની પર્યાય પોતાના સ્વતંત્ર ષટ્કારકથી થાય છે.

● ઉત્તર : એમ માનવામાં વાંધો નથી. દ્રવ્યનો આશ્રય છે. પર્યાયને ગુણનો આશ્રય છે. ક્યા ગુણની પર્યાય થાય છે? ઈ અપેક્ષા છે. ૪.

✻ પ્રશ્ન : નહીં તો સર્વથાનો ગુણનો સંબંધ પણ નહીં રહે. આ જ્ઞાન ગુણની પર્યાય છે તો એ પર્યાય સર્વથા નિરપેક્ષ છે. તો આ જ્ઞાન ગુણની પર્યાય છે. આ દર્શન ગુણની પર્યાય છે એમ પણ નહીં રહે?

● ઉત્તર : એ એમ પણ નહીં રહે કે એ દ્રવ્યમાં છે. અહીં

ચારિત્રની ચારિત્રરૂપ થાય. દર્શનની દર્શનરૂપ. જ્ઞાનની જ્ઞાનરૂપે થાય, આનંદની આનંદરૂપે થાય. એ ગુણનો આશ્રય છે. ૫.

✻ પ્રશ્ન : એ પર્યાયને ગુણનો કે દ્રવ્યનો આશ્રય છે. એ વાત લક્ષમાં રાખીને પછી ષટ્કારકરૂપે પર્યાય પોતે પરિણમે છે ?

● ઉત્તર : પર્યાય ષટ્કારકરૂપે સ્વયં પરિણમે છે. દ્રવ્ય એને સર્વથા કરે છે એમ નહીં. સ્વયં પોતે પોતાથી પરિણમે છે પર્યાય. પણ એમાં દ્રવ્યનો આશ્રય આવે છે. ૬.

✻ પ્રશ્ન : એ શું આવે છે કે પર્યાયના ષટ્કારકો ? પર્યાયના ષટ્કારકો પર્યાય ને ? આમ તો વસ્તુને છ શક્તિઓ કારકોની છે. ઈ રીતે તો આખો એક વસ્તુ દર્શન બરાબર છે. ગુણો છે. શક્તિઓ છે.

● ઉત્તર : એ બંને દ્રવ્ય સ્વતંત્ર. આ દ્રવ્યના ષટ્કારક આમાં અને આ દ્રવ્યના ષટ્કારક આમાં. બે દ્રવ્યના ષટ્કારક તો એકદમ છૂટે છૂટા સ્વતંત્ર છે. પછી પર્યાય એક અંશ છે. પર્યાય અંશરૂપે પણ સ્વતંત્ર છે એમ બતાવવા માટે આ ષટ્કારક કીધા. પણ જેટલું દ્રવ્ય સ્વતંત્ર એવી રીતે એટલી પર્યાય સ્વતંત્ર એમ એનો અર્થ નથી. દ્રવ્યની ઈ દ્રવ્યની પર્યાય છે. અને ઈ દ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે. આ દ્રવ્યની ચેતનની ચેતન પર્યાય. ઈ જે સ્વભાવ પર્યાય થઈ એ એની પર્યાય છે માટે બે દ્રવ્ય જેટલા સ્વતંત્ર છે એ ષટ્કારક રૂપે છે એટલે ઈ દ્રવ્યની એની ને એની પર્યાય. એટલી દ્રવ્ય અને પર્યાય – એટલા સ્વતંત્ર પણ તો એક અંશ છે અને ઓલું ત્રિકાળી દ્રવ્ય શાશ્વત છે. આ અનાદિ અનંત દ્રવ્ય છે ને ઓલું ક્ષણિક પર્યાય છે પણ એક અંશ છે, એટલે એની સ્વતંત્રતા બતાવવા માટે એના ષટ્કારક કીધા. બાકી એનો અર્થ એવો નથી કે ઈ દ્રવ્ય જેટલું સ્વતંત્ર એવી પર્યાય. તો પર્યાય એવી સ્વતંત્ર હોય તો બે દ્રવ્ય થઈ જાય. આ ઈ દ્રવ્ય થઈ ગયું ને આ? (પર્યાય) એ દ્રવ્ય થઈ ગયું. એવો એનો અર્થ નથી. એની સ્વતંત્રતા બતાવે છે કે પર્યાય પણ એક અંશરૂપે સ્વતંત્ર છે.

પણ જેવું આ દ્રવ્ય છે તેવી જાતની એની સ્વતંત્રતા નથી. કારણ કે પર્યાય છે તે દ્રવ્યના આશ્રયે છે. એ પર્યાયનું વેદન દ્રવ્યને થાય છે એટલે ઈ દ્રવ્યની પર્યાય છે. એવી સ્વતંત્રતા એનામાં નથી પણ એની સ્વતંત્રતા બતાવે છે. પણ પર્યાય પણ એક સત્ છે. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્ એનું સત્પણું બતાવે છે. પણ એની સ્વતંત્રતા જેવી દ્રવ્યની છે એવી નથી. ૭.

❀ બહેનશ્રી : દ્રવ્યમાં ષટ્કારક અને એક દ્રવ્ય અને બીજા દ્રવ્યના ષટ્કારક. એ ષટ્કારક અને પર્યાયના ષટ્કારક. ઈ ષટ્કારક બધા એક સરખા હોતા નથી. ઈ ષટ્કારકમાં ફેર હોય છે. પર્યાય તો ક્ષણ પૂરતી છે. દ્રવ્ય તો ત્રિકાળ છે. જો એ પર્યાય સ્વતંત્ર હોવા છતાં પર્યાયના ષટ્કારક ને દ્રવ્યના ષટ્કારકમાં ફેર છે. પર્યાયને દ્રવ્યનો આશ્રય તો રહે છે. એને સ્વતંત્ર હોવા છતાં પણ એ પર્યાયને દ્રવ્યનો આશ્રય હોય છે. જેટલું દ્રવ્ય સ્વતંત્ર એટલી પર્યાય સ્વતંત્ર એટલી જ કહેવામાં આવે તો ઈ પર્યાય રહેતી નથી, તો દ્રવ્ય થઈ જાય. માટે ઈ પર્યાયને દ્રવ્યનો આશ્રય છે. માટે એના ષટ્કારક ને દ્રવ્યના ષટ્કારકમાં ફેર છે. એને સ્વતંત્ર કહેવા છતાં એના ષટ્કારકો જેવા દ્રવ્યના હોય એવા પર્યાયના. એટલા એવા નથી હોતા. (શ્રોતા : પર્યાયના ષટ્કારકો ક્ષણિક ષટ્કારક છે.) એ ક્ષણિક પૂરતા છે. એને પર્યાયને દ્રવ્યનો આશ્રય છે. એને ક્ષણ પૂરતો છે. પ્રમાણમાં તો દ્રવ્ય અને પર્યાય બે ભેગા આવી જાય છે. ૮.

**✻ પ્રશ્ન : શુદ્ધ આત્માના સાધક શુદ્ધ ધર્માત્માને એક જ સમયમાં આસ્રવરૂપ, સંવરરૂપ અને નિર્જરારૂપ ભાવો પ્રવર્તે છે તો તેમાં આસ્રવરૂપ ભાવોનું ષટ્કારક પરિણમ કોના આધારે થાય? અને સંવરરૂપ ભાવોનું અને નિર્જરારૂપ ભાવોનું ષટ્કારક પરિણમન કોના આધારે? એ કૃપા કરીને સમજાવો.**

● ઉત્તર : આસ્રવ અને સંવર. સંવર તો શુદ્ધ આત્મા તરફ દૃષ્ટિ સ્થાપે તો શુદ્ધ આત્માની પર્યાય શુદ્ધ આત્મામેં સે હોતી હૈ. શુદ્ધ

આત્મા તરફ પુરુષાર્થ કરે. શુદ્ધ આત્મકા જ્ઞાન કરે, ઈસમેં દૃષ્ટિ કરે, ઈસમેં લીનતા કરે, શુદ્ધ આત્માકી પર્યાય શુદ્ધ આત્મામેંસે પ્રગટ હોતી હૈ. આસ્રવકી પર્યાય વો વિભાવભાવ હૈ ઔર અપને પુરુષાર્થકી મંદતાસે જિતના અંશ સંવર હુઆ ઔર ઉતના સંવર હૈ. જિતની અશુદ્ધતા હૈ ઈતના અંશે અશુદ્ધતા હૈ, આસ્રવ હૈ ઔર જિતની વીતરાગ દશા હુઈ ઉતના અંશે સંવર હૈ. એ શુદ્ધ આત્મા યે સંવરકી પર્યાય શુદ્ધ આત્માકે આશ્રયસે હોતી હૈ ઔર હજી અલ્પ હૈ, પૂર્ણ નહીં હૈ ઈસલિયે આસ્રવ, આસ્રવ ભી અલ્પ હૈં. સંવર ભી હૈ ઔર નિર્જરા ભી હૈ. સબ હોતા હૈ. સબ એક સાથે રહેતા હૈ સાધક દશાકી પર્યાયમેં. ઔર ઈસમેં લીન હોતે હોતે કેવળજ્ઞાન હોતા હૈ. અંશ શુદ્ધિ હોવે તો સંવર ઔર વિશેષ શુદ્ધિ હોનેસે નિર્જરા હોતી હૈ અને અલ્પ વિભાવ હૈ ઈસલિયે આસ્રવ હોતા હૈ. યહ સબ હોતા હૈ એક સાથે. જ્ઞાનધારા—ઉદયધારા સાથમેં રહેતી હૈ. વિધિ પૂર્ણ નહીં હુઈ ઈસલિયે આસ્રવ ભી અલ્પ રહેતા હૈ. સંવર ભી હોતા હૈ. નિર્જરા ભી હોતી હૈ. સબ હોતા હૈ. ૯.

આસ્રવ કોઈ વિભાવ અપનેમેં અદ્ધર નહીં હોતા. ઔર સંવર ભી અદ્ધર અદ્ધર નહીં હોતા. શુદ્ધ આત્માકી દૃષ્ટિ કરનેસે શુદ્ધ આત્મામેં યથાર્થમેં અનાદિ અનંત 'મૈં શાશ્વત હું' ઐસી દૃષ્ટિ કરનેસે, ઈસકા જ્ઞાન કરનેસે, લીનતા કરનેસે સંવર હોતા હૈ. ઈસકી અલ્પતા હૈ હજી પૂર્ણ શુદ્ધિ નહીં હુઈ ઈસલિયે આસ્રવ ભી રહેતા હૈ. વિભાવકા નિમિત્ત કર્મ હૈ. પુરુષાર્થકી અપની મંદતા હૈ. પુરુષાર્થકી મંદતાસે ઈતના વિભાવ હોતા હૈ. જિતના પુરુષાર્થ હુઆ, જ્ઞાનધારા પ્રગટ હુઈ, ઈતના સંવર હોતા હૈ. સાધકદશા હૈ ને? વો દ્રવ્ય પર દૃષ્ટિ અનાદિ અનંત દ્રવ્ય શુદ્ધ હૈ, તો સાધક દશામેં ઈતની અપની શુદ્ધિ—અશુદ્ધિ યે સબ સાથમેં રહેતા હૈ. જ્ઞાનધારા, ઉદયધારા, ભેદજ્ઞાનકી ધારામેં સબ રહેતા હૈ. પૂર્ણતા હોય તો એટલી વીતરાગદશા. સાધકદશામેં બે ધારા રહેતી હૈ. બે (દો) ધારા ચલતી

હે. સબ પર્યાય સ્વતંત્ર હે, પણ પર્યાય એ (વહ) અદ્ધર નહીં હોતી. દ્રવ્યકે આશ્રયસે હોતી હે. પર્યાય અદ્ધર હોવે તો, એ પર્યાય દ્રવ્ય હો જાય. દ્રવ્યકે આશ્રયસે પર્યાય હોતી હે. પર્યાય સ્વતંત્ર હે તો ભી દ્રવ્યકે આશ્રયસે પર્યાય હોતી હે. ૧૦.

* પ્રશ્ન : પર્યાય પોતે સ્વતંત્રપણે દ્રવ્યનો આશ્રય લેતી પ્રગટ થાય છે. આપે કહ્યું કે એને દ્રવ્યનો આશ્રય છે. પર્યાય પ્રગટ થાય છે સ્વતંત્ર, પણ ઈ દ્રવ્યનો આશ્રય લેતી, પોતાના ષટ્કારકથી પરિણમે છે. એ આપે કીધું'તું, બરાબર છે.

● ઉત્તર : દ્રવ્યનો આશ્રય પર્યાય લે છે સ્વતંત્ર. પણ દ્રવ્ય ત્રિકાળ છે. ને પર્યાય ક્ષણપૂરતી છે. ૧૧.

* પ્રશ્ન : પરનો આશ્રય લેતી પ્રગટ થાય છે ત્યાં સુધી દશામાં આસ્રવ, બંધ છે અને જ્યારે જ્ઞાયકનો આશ્રય લેતી પ્રગટ થાય છે ત્યારે સંવર, નિર્જરા મોક્ષ પ્રગટ થાય. એ રીતે ?

● ઉત્તર : પરનો આશ્રય એ આસ્રવ તરફ છે. પોતાના શુદ્ધ આત્માના આશ્રયે શુદ્ધ પર્યાય થાય તો સંવર નિર્જરા છે. ૧૨

❀ બહેનશ્રી : પર્યાય છે જ નહિં એમ એવું કાંઈ થોડું છે. વ્યવહાર નથી? પર્યાય નથી? પર્યાય સ્વતંત્ર, પરિણમવાની હશે તો પરિણમશે. પોતાથી કાંઈ થાતું નથી. પર્યાયના કારકો બધાં સ્વતંત્ર છે. એક ગુણ બીજા ગુણની પર્યાયને કરી શકતું નથી. એ દ્રવ્ય જુદું, પર્યાય જુદી, અને દરેકના કારકો સ્વતંત્ર. ભાવના કરે, પુરુષાર્થ કરે તો કોણ કરે? ઓલો બળ ગુણ છે એ આને કરી શકતું નથી. પછી ભાવના કોને આધારે? કોણ કોનું નિમિત્ત થાય? ઉપાદાન થાય? કાંઈ નહીં થાય. ગુણ, પર્યાય, દ્રવ્ય બધું જુદું. કોઈને કોઈનો આશ્રય જ નથી. આશ્રય માત્ર બોલવા પૂરતો રહી જાય છે. પછી અંદર પોતાના (ભાવમાં) સમજે છે શું? ઈ કાંઈ નથી. આશ્રય છે. આશ્રય છે. એમ કરીને આ બધું કટકા-કટકા માની લે છે. સ્વતંત્રતા ગુરુદેવ કહેતા'તા પણ આ રીતે કંઈ કટકા થોડા કહેતા'તા? પર્યાય છે, સ્વતંત્ર

છે ઈ એના પૂરતી સ્વતંત્ર છે. દ્રવ્ય તો એક વસ્તુ છે. પર્યાય એ ક્ષણે ક્ષણે થાય છે દ્રવ્યના આશ્રયે થાય છે. બાકી એની સ્વતંત્ર એવી તારતમ્યતાપણે સ્વતંત્ર એમ સ્વતંત્ર પણ દ્રવ્ય એનું સામર્થ્ય બધું દ્રવ્યમાં ભર્યું છે. દ્રવ્યના આશ્રયે થાય છે માટે એમ કહેવાય એવી વાત પ્રતીતિ બધી સ્વતંત્ર. દ્રવ્ય પરિણમે છે. અભેદ કરવા જાય તો બધું દ્રવ્ય પરિણમે છે. અનંત અનંત વસ્તુ રાત–દિ પરિણમે તો એની ખૂટતું જ નથી એવું સામર્થ્યથી પરિપૂર્ણ છે એટલે પર્યાય એમને એમ પરિણમ્યા જ કરે છે. પર્યાય અદ્ધરથી થાય છે એમ નથી. દ્રવ્યના સામર્થ્યમાં અનંતી અનંતી શક્તિ છે; ગમે એટલી પર્યાય પરિણમો. અનંતો કાળ જાય, તોપણ દ્રવ્ય એવું ને એવું છે. એમાં કાંઈ ઓછું નથી થાતું. એવી શક્તિથી ભરપૂર સામર્થ્યવાળું દ્રવ્ય છે એમાંથી પર્યાય આવે છે. એને દ્રવ્યનો આશ્રય છે પર્યાયને, એ તો ક્ષણપૂરતી છે. 'પરિણમનારી'–એનામાં પરિણમવાની શક્તિ છે પર્યાયમાં. ઈ પર્યાય પોતે સ્વતંત્ર પરિણમે. એનું સંપ્રદાન સ્વતંત્ર ને એનું અપાદાન ને એનું અધિકરણ એ અપેક્ષાએ એ પર્યાય પૂરતી સ્વતંત્ર. એટલે એને દ્રવ્યનો આશ્રય નથી એમ નહીં માનવાનો. ઈ અપેક્ષાએ છે. કર્તા, કર્મ, કરણ ઈ બધા એના ષટ્‌કારક. જેવા દ્રવ્યના ષટ્‌કારક સ્વતંત્ર એવી જાતના એના (પર્યાયના) એમ નહીં માનવાનું. એમાં ફેર છે બેયમાં. આમાં દ્રવ્ય ને આ દ્રવ્યના કર્તા, કર્મ બધા સ્વતંત્ર છે એવી સ્વતંત્રતા પર્યાયમાં છે એમ નથી. એવી જ સ્વતંત્રતા પર્યાયમાં નથી. એ તો ક્ષણ પૂરતી પર્યાય છે. દ્રવ્ય તો અનંત સામર્થ્યથી ભરેલું છે એના ષટ્‌કારકો સ્વતંત્ર એ કીધું છે એટલે એ સ્વતંત્ર પર્યાયમાં એટલું સામર્થ્ય નથી. એ તો ક્ષણપૂરતી પરિણમે છે. પછી બીજી ક્ષણે બીજી પર્યાય આવે છે. ૧૩.

જય હો વિજય હો બોલો ભગવતી માતનો જય હો.